# ઉદ્યોગ સાહસિક ગુજરાતીના સામ્રાજ્યને તોડી પાડવા રચાયેલા કાવાદાવાનું આલેખન એટલે 'ધ ટાર્ગેટ'

અમદાવાદ, તા. ૧

ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વ કક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠી ઉંચેરૂં સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્ન કક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું હતું. હવે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ એમેઝોન અને પર બિઝનેસ અને ઈકોનોમી કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા નંબર ૧ પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર 'ક્રોસવર્ડ'માં સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે. 'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. નેશનલ સ્પોટ એક્સચેન્જમાં કેટલાક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્થાપિત હિતો કોણ હતાં અને તેમના બદઈરાદાઓ કયા અને કેવા હતા તેના પર શાંતનૂએ પુસ્તકમાં પ્રકાશ પાડ્યો છે અને દેશમાં ચાલતી રાજકારણીઓ અને અમલદારશાહીની સાંઠગાંઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે.